અમેરિકન નાગરિકોને છેતરવા બોગસ કોલ સેન્ટર ચાલતું હતું

અમદાવાદમાં છ સ્થળે ED‌ના દરોડા

ક્રિપ્ટોકરન્સી, 13.5 લાખની રોકડ અને 31 બેંક ખાતાં ફ્રીઝ

કરોડોની મની લોન્ડરિંગની કડી મળી આવી

અમદાવાદ,તા.10: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે હૈદરાબાદ ઝોનલ ઓફિસે અમદાવાદમાં છ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. વિદેશી નાગરિકો, ખાસ કરીને અમેરિકા (USA)ના નાગરિકોને છેતરતી મોટા પાયે ગેરકાયદે કોલ સેન્ટર પ્રવૃત્તિઓનો આ દરોડામાં પર્દાફાશ થયો છે. સર્ચ દરમિયાન મુખ્ય આરોપી આકિબ ઘાંચીના કબજામાંથી અંદાજે USD 12,000 જેટલી ક્રિપ્ટોકરન્સી મળી આવી, જેને ED‌ના અધિકૃત ક્રિપ્ટો વોલેટમાં ટ્રાન્સફર કરીને જપ્ત કરવામાં આવી છે. આ સાથે રૂ. 13.5 લાખની બિનહિસાબી રોકડ રકમ પણ જપ્ત કરાઈ છે. તપાસ દરમિયાન મહત્વપૂર્ણ દસ્તાવેજો, ડિજિટલ ડિવાઈસ અને સંવેદનશીલ ડેટા પણ મળી આવ્યા છે, જે કોલ સેન્ટર ફ્રોડ નેટવર્કના નાણાકીય વ્યવહારો અને આંતરરાષ્ટ્રીય છેતરપિંડીના પુરાવા પૂરાં પાડે છે.આ ઉપરાંત, આરોપી તથા તેની સંકળાયેલી સંસ્થાઓના 31 બેંક ખાતાં અને એક બેંક લોકર ફ્રીઝ કરવામાં આવ્યા છે. સાયબરાબાદ પોલીસ અને સીબીઆઈ, નવી દિલ્હી દ્વારા નોંધાયેલી FIRના આધારે શરૂ થયેલી ઈડીની દરોડાની કાર્યવાહીમાં તથા તપાસમાં ખુલાસો થયો કે એક જ ગેંગ અલગ-અલગ લોકેશન પરથી કોલ સેન્ટરો ચલાવતી હતી. આરોપી મોહમ્મદ અન્સારી ઉર્ફે મોહમ્મદ ઈરફાન અન્સારી, અકીબ ગુલામરસૂલ ઘાંચી, વિકાસ કે. નિમાર, દિવ્યાંગ રાવલ અને પ્રદીપ વી. રાઠોડ તથા તેમના સાગરીતો દ્વારા આ કોલ સેન્ટર સંચાલિત કરવામાં આવતું હતું.

આ રીતે વિદેશી નાગરિકોને ઠગવામાં આવતા હતા

- » અધિકારીઓના નામે કોલ કરવામાં આવતા હતા
- » લોન-ટેક્સ બાકી હોવાનું ભય બતાવવામાં આવતો હતો
- » પીડિતોને ગિફ્ટકાર્ડ ખરીદવા દબાણ કરવામાં આવતું હતું
- » ડિજિટલ પેમેન્ટ માટે મજબૂર કરવામાં આવતા હતા કરવા મજબૂર કરતા
- » મેળવેલી રકમ Paxful જેવી ઓનલાઈન પ્લેટફોર્મ પર બિટકોઇન સહિત ક્રિપ્ટોકરન્સીમાં ફેરવાતી
- » વિદેશી નાગરિકોની મદદથી ક્રિપ્ટોનું કન્વર્ઝન-લિક્વિડેશન કરવામાં આવતું
- » મોટાભાગની રકમ હવાલા તથા બ્લેક માર્કેટ મારફતે એન્કેશ થતી હતી.

આ મહત્વના દસ્તાવેજ મળી આવ્યા

- » વાંધાજનક દસ્તાવેજો
- » ડિજિટલ ડિવાઇસ જપ્ત
- » ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન
- » વિદેશી લિંક્સ

અમદાવાદ એરપોર્ટ પર 35 કરોડનું હેરોઈન ઝડપાયું

સ્પા પાર્લરમાં વપરાતા હર્બલ સાબુના સ્વરૂપમાં છૂપાવ્યું હતું હેરોઈન

એર એશિયાની ફ્લાઈટ મારફતે મલેશિયાથી અમદાવાદ પહોંચેલો ચેન્નાઈનો પેસેન્જર ઝડપાયો

મોટી માત્રામાં સાબુ આવતા શંકા જતાં તપાસ થઈ

અમદાવાદઃ મલેશિયાથી અમદાવાદ એરપોર્ટ પર આવેલા ચેન્નઈના પેસેન્જર પાસેથી કસ્ટમ વિભાગે અંદાજે રૂ.૩૫ કરોડનું હેરોઈન પકડી પાડ્યું છે. એર એશિયાની ફ્લાઈટ મારફતે મલેશિયાથી અમદાવાદ પહોંચેલા કુતુબ શિયાઉદ્દીન નામના પ્રવાસીની શંકાના આધારે તપાસ કરતાં તેની બેગેજમાંથી સ્પા અને મસાજ પાર્લરમાં ઉપયોગમાં લેવાતા હર્બલ સાબુના સ્વરૂપમાં છુપાવેલું હેરોઈન મળી આવ્યું હતું. કુલ ૨૯ પેકેટમાં હેરોઈન અત્યંત સુયોજિત રીતે છૂપાવવામાં આવ્યું હતું, જેથી સ્કેનિંગ અને પ્રાથમિક તપાસમાં તે નજરે ન ચડે.

કસ્ટમના સૂત્રો જણાવ્યા મુજબ, સામાન્ય પ્રવાસી દ્વારા મલેશિયાથી આટલી મોટી માત્રામાં હર્બલ સાબુ લાવવામાં આવતા અધિકારીઓને શંકા ગઈ હતી. વિગતવાર ચકાસણીમાં આ સાબુ વાસ્તવમાં હેરોઈન હોવાનું બહાર આવ્યું હતું, જે ખાસ ટેક્નિકથી તૈયાર કરવામાં આવ્યા હતા. ઝડપાયેલા હેરોઈનની આંતરરાષ્ટ્રીય બ્લેક માર્કેટમાં કિંમત અંદાજે રૂ.૩૫ કરોડ આંકવામાં આવી રહી છે, જ્યારે એક કિલોગ્રામ હેરોઈનની કિંમત આશરે રૂ.૫ કરોડ જેટલી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

કસ્ટમ અને એર ઈન્ટેલિજન્સ યુનિટે આ કેસને ગંભીરતાથી લઈ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કના કડીઓ શોધવા તપાસ તેજ બનાવી છે. મલેશિયા, ચેન્નઈ અને અન્ય સંભવિત લિંક્સના આધારે વધુ ધરપકડો અને મોટા ખુલાસાની શક્યતા નકારી શકાય તેમ નથી. અમદાવાદ એરપોર્ટ પર થયેલી આ કાર્યવાહી ડ્રગ્સ માફિયા માટે મોટો ઝટકો છે, પરંતુ સાથે જ સુરક્ષા એજન્સીઓ માટે ચેતવણી પણ છે કે હવાઈ માર્ગે થતી ડ્રગ્સની હેરાફેરી સામે વધુ કડક વ્યવસ્થા જરૂરી બની છે.

અમદાવાદ એરપોર્ટની બહાર હેરોઈનની ડિલિવરી આપવાની હતી

કસ્ટમ્સની પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે ચેન્નઈમાં સક્રિય ડ્રગ્સ માફિયાએ કુતુબ શિયાઉદ્દીનને મલેશિયા મોકલ્યો હતો અને ત્યાંથી અમદાવાદ એરપોર્ટ પર ઉતરવાની સ્પષ્ટ સૂચના આપી હતી. પેસેન્જર માત્ર કેરિયર તરીકે કામ કરતો હતો અને અમદાવાદ એરપોર્ટની બહાર કોઈ વ્યક્તિને આ હેરોઈનની ડિલિવરી આપવાની યોજના હતી. કસ્ટમ વિભાગે પેસેન્જરની ધરપકડ કરી તેનું નિવેદન લીધું છે તેમજ તેની ટ્રાવેલ હિસ્ટ્રી, મોબાઈલ ડેટા અને ફાઇનાન્શિયલ ટ્રાન્ઝેક્શનની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

ગુજરાતના એરપોર્ટ્સ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ માટે ટ્રાન્ઝિટ રૂટ

ઉલ્લેખનીય છે કે સુરત એરપોર્ટ પર છેલ્લા ત્રણ દિવસમાં રૂ.૧૪ કરોડ ૬૦ લાખના હાઇબ્રીડ ગાંજાની હેરાફેરી પકડાયા બાદ તુરંત જ અમદાવાદ એરપોર્ટ પર હેરોઈનની આ મોટી હેરાફેરી સામે આવી છે. સતત સામે આવી રહેલા આવા કેસો પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતના એરપોર્ટ્સને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓએ ટ્રાન્ઝિટ રૂટ તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

ભવનાથ મહાશિવરાત્રી મેળા માટે એસ.ટી. નિગમની વિશેષ તૈયારી

ગાંધીનગર : આવતીકાલથી આગામી પાંચ દિવસ દરમિયાન જૂનાગઢ ખાતે યોજાનાર ભવનાથ મહાશિવરાત્રી મેળાને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એસ.ટી.) દ્વારા આ વર્ષે અંદાજે ૧૯૫ વધારાની બસો દ્વારા ૭૮૦૦થી વધુ ટ્રિપ્સનું સંચાલન કરીને ૩.૭૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓને સુરક્ષિત અને સુવિધાજનક પરિવહન સેવા પૂરી પાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. મહાશિવરાત્રી મેળાને 'મિનિ કુંભ મેળા' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વર્ષે મેળો અત્યાર સુધીનો સૌથી ભવ્ય અને ઐતિહાસિક બનવાની શક્યતા હોવાથી, શ્રદ્ધાળુઓની ભારે ભીડને પહોંચી વળવા ખાસ આયોજન કરાયું છે. જૂનાગઢ બસ સ્ટેશનથી ગિરનાર તળેટી સુધી દૈનિક ૮૦ વધારાની બસો દોડાવવામાં આવશે, જેથી દર્શનાર્થીઓને સરળ અને ઝડપી પરિવહન મળી રહે. આ ઉપરાંત, આંતર-જિલ્લા મુસાફરોની સુવિધા માટે ૧૧૫ એક્સપ્રેસ બસોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જૂનાગઢ ડિવિઝનની ૬૫ અને અન્ય ડિવિઝનની ૫૦ એક્સપ્રેસ બસોનો સમાવેશ થાય છે. મેળા દરમિયાન મુસાફરોની સલામતી અને સમયપાલન સુનિશ્ચિત કરવા માટે તમામ બસોનું ૨૪ કલાક જીપીએસ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવશે.એસ.ટી. નિગમ દ્વારા કરવામાં આવેલ આ વિશેષ આયોજનના કારણે ભવનાથ મહાશિવરાત્રી મેળામાં આવતા લાખો શિવભક્તો કોઈ અડચણ વિના મહાદેવના દર્શન કરી શકશે અને મેળાનો આનંદ નિર્ભયતાથી માણી શકશે.

ભારત રશિયાથી ખનિજ તેલની આયાત બંધ કરશે કે નહીં? તેનો કોઈ સ્પષ્ટ જવાબ મળતો નથી



ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના વેપાર કરાર પછી ભારત રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવાનું ચાલુ રાખશે કે નહીં? એ બાબતમાં જબરદસ્ત ગૂંચવાડો પેદા થયો છે. છેલ્લાં ત્રણ વર્ષમાં, ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરને ઘણા આંતરરાષ્ટ્રીય મંચો પર આ પ્રશ્નનો સામનો કરવો પડ્યો છે કે ભારત રશિયા પાસેથી ખનિજ તેલની આયાત કરવાનું કેમ બંધ કરતું નથી. તેના જવાબમાં જયશંકરે સતત કહ્યું કે ભારત તેની ઊર્જા સુરક્ષા પોતાની શરતો પર નક્કી કરશે. કોઈ અન્ય દેશ કે જૂથ તેને નિર્દેશિત કરી શકશે નહીં, પરંતુ ૨ ફેબ્રુઆરીના રોજ ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ઐતિહાસિક વેપાર કરાર અંગે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો ભારત માટે અસ્વસ્થતાભરી પરિસ્થિતિ ઊભી કરી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. હકીકતમાં, જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથેના વેપાર કરાર અંગે ટ્રુથ સોશ્યલ પર પોસ્ટ કરી, ત્યારે તેમણે પોતાની પોસ્ટમાં દાવો કર્યો કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા અને અમેરિકન તેલની ખરીદી વધારવા માટે સંમત થયું છે. ડોનાલ્ડ ટ્રમ્પના મતે, ભારત રશિયા પાસેથી તેલ ન ખરીદે તે આ સોદાની એક મહત્ત્વપૂર્ણ શરત છે, પરંતુ જ્યારે ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલને એક પ્રેસ કોન્ફરન્સમાં આ અંગે પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે વિદેશ મંત્રાલય આ પ્રશ્નનો જવાબ આપશે. પીયૂષ ગોયલના જવાબના બે દિવસ પહેલાં, સમાચાર એજન્સી ANI એ વિદેશ મંત્રી એસ. જયશંકરને વેપાર સોદામાં રશિયાથી ખનિજ તેલની આયાત અંગે પ્રશ્ન કર્યો હતો ત્યારે જયશંકરે આ માટે પીયૂષ ગોયલને જવાબદાર ઠેરવ્યા હતા. આ રીતે ભારતના વાણિજ્ય મંત્રી વિદેશ મંત્રીનો હવાલો આપી રહ્યા છે અને વિદેશ મંત્રી વાણિજ્ય મંત્રી પર જવાબદારી ઢોળી રહ્યા છે, જેને કારણે ગૂંચવાડો વધી રહ્યો છે. હજુ પણ ભારત રશિયાથી ખનિજ તેલની આયાત ચાલુ રાખશે કે નહીં? તે સવાલનો જવાબ મળતો નથી. કદાચ ભારતના રાજકારણીઓ રશિયા કે અમેરિકા નારાજ થશે તેવા ભયથી સાચો જવાબ ટાળી રહ્યા છે.

હવે ભારતના વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ રશિયા પાસેથી તેલ ખરીદવાના પ્રશ્નનો વિચિત્ર અને ગોળગોળ જવાબ આપ્યો છે. સોમવારે એક પ્રેસ બ્રીફિંગમાં વિક્રમ મિશ્રીને પૂછવામાં આવ્યું કે શું ભારત અમેરિકાના દાવા મુજબ રશિયન તેલ ખરીદવાનું બંધ કરશે? તેનો જવાબ આપતાં વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ કહ્યું કે ભારત તેલ માટે કોઈ એક સ્રોત પર નિર્ભર નથી અને ન તો તેનો તેમ કરવાનો ઈરાદો છે. તમે જાણો છો કે ભારત મુખ્યત્વે તેલ અને ગેસ ક્ષેત્રમાં આયાતકાર છે. આપણે એક વિકાસશીલ અર્થતંત્ર છીએ. આપણે આપણાં સંસાધનોની ઉપલબ્ધિ વિશે જાગૃત રહેવું પડશે. સ્વાભાવિક રીતે, જ્યારે તમે ૮૦-૮૫ ટકા આયાતી સંસાધન પર નિર્ભર હો છો, ત્યારે તમને તેલને કારણે કુગાવાની ચિંતા થશે. તેથી, એમાં કોઈ આશ્ચર્ય નથી કે અમારી પ્રાથમિકતા ભારતીય ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરવાની છે, જેમાં ખાતરી કરવી કે તેમને વાજબી ભાવે અને વિશ્વસનીય અને સુરક્ષિત પુરવઠા દ્વારા પૂરતી ઊર્જા મળે. ઊર્જા પરની અમારી આયાત નીતિ સંપૂર્ણપણે આ ઉદ્દેશો દ્વારા સંચાલિત છે. તાજેતરનાં વર્ષોમાં, વૈશ્વિક અર્થતંત્રે નોંધપાત્ર અનિશ્ચિતતાઓનો સામનો કરવો પડ્યો છે. અમે આ માટે કોઈ એક સ્રોત પર નિર્ભર નથી અને ન તો અમે બનવા માંગીએ છીએ. બજારની સ્થિતિના આધારે, સમયાંતરે સ્રોતોનું મિશ્રણ બદલાય તે સ્વાભાવિક છે. અમારો અભિગમ પુરવઠાના બહુવિધ સ્રોતો જાળવવાનો અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે જરૂરિયાત મુજબ તેમને વૈવિધ્યીકરણ કરવાનો છે. તેથી, હું કહીશ કે આપણે આ ક્ષેત્રમાં જેટલા વધુ વૈવિધ્યસભર હોઈશું, તેટલા વધુ સુરક્ષિત હોઈશું. જ્યાં સુધી ઊર્જાના વાસ્તવિક સ્રોતનો સંબંધ છે. તમે જાણો છો કે વાસ્તવિક સ્રોત તેલ કંપનીઓ દ્વારા કરવામાં આવે છે અને તેઓ બજારની પરિસ્થિતિઓના આધારે નિર્ણયો લે છે.''આ રીતે વિદેશ સચિવે તેલની આયાત બાબતમાં નિર્ણય લેવાની જવાબદારી તેલ કંપનીઓ પર ઢોળી હતી.

બીજી તરફ, ૩ ફેબ્રુઆરીના રોજ, ભારતની સમાચાર એજન્સી પીટીઆઈએ રશિયન મીડિયાને ટાંકીને રશિયન સરકારના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવનું નિવેદન પ્રકાશિત કર્યું હતું. પોતાના નિવેદનમાં પેસ્કોવે કહ્યું હતું કે રશિયા પાસેથી તેલની ખરીદી રોકવા અંગે ભારતને કોઈ વાતચીત કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં, પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે કે રશિયા પાસેથી તેલ ખરીદવાના મુદ્દા પર ભારતના મૌન કે મૂંઝવણનો અર્થ શું છે? ભારત કોઈ સ્પષ્ટ જવાબ કેમ નથી આપી રહ્યું? ભારત રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવાનું ચાલુ રાખશે કે નહીં? એ બાબતમાં રશિયાની સરકારને પણ ભારત સરકાર દ્વારા હજુ સુધી કોઈ જાણકારી આપવામાં આવી નથી. કદાચ ભારતને ડર છે કે આ નિર્ણયથી રશિયાની ભારત સાથેની દોસ્તીમાં તિરાડ પડી જશે.

અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલના કટારલેખક સદાનંદ ધુમે કહે છે કે ભારત સરકારે આ મામલે નબળા કે મૂંઝાયેલા દેખાવાની જરાય જરૂર નથી. તેમનું કહેવું છે કે સરકારે ખુલ્લેઆમ અને દૃઢતાથી સ્વીકારવું જોઈએ કે હા, અમે અમેરિકાના ભારે ટેરિફને દૂર કરવા માટે રશિયન તેલની ખરીદી ઘટાડવા સંમત થયા છીએ. આ નિર્ણય સમજદારીભર્યો છે, કારણ કે ભારત પાસે તેલ ખરીદવા માટે અન્ય વિકલ્પો છે; પરંતુ જો અમેરિકા જેવાં મોટાં બજારો આપણા પર ભારે ટેરિફ લાદવાનું ચાલુ રાખશે, તો ભારતમાં રોકાણ આવશે નહીં અને ભારત નિકાસના સંદર્ભમાં સ્પર્ધાત્મક બની શકશે નહીં. સદાનંદ ધુમે ભારત-અમેરિકા વેપાર કરારને એક મોટી રાજદ્વારી અને આર્થિક સિદ્ધિ ગણાવે છે અને કહે છે કે ડાબેરી લેખકોને સારું લાગે તે માટે અથવા તેમના સંતોષ માટે અર્થતંત્રને નુકસાન પહોંચાડવું એ કોઈ પણ જવાબદાર સરકાર માટે યોગ્ય ન હોઈ શકે.

૬ ફેબ્રુઆરીના રોજ વ્હાઇટ હાઉસ દ્વારા જારી કરાયેલા એક્ઝિક્યુટિવ ઓર્ડરની કલમ ૪ માં સ્પષ્ટપણે જણાવાયું છે કે અમેરિકાના વાણિજ્ય સચિવ, વિદેશ પ્રધાન, નાણાં પ્રધાન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે મળીને, ભારત રશિયા પાસેથી તેલની આયાત ફરી શરૂ કરી રહ્યું છે કે કેમ તેનું નિરીક્ષણ કરશે. જો વાણિજ્ય સચિવ નક્કી કરે કે ભારતે રશિયા પાસેથી તેલ ખરીદવાનું ફરી શરૂ કર્યું છે, તો રાજ્ય સચિવ રાષ્ટ્રપતિને ભલામણ કરશે કે ભારત સામે શું પગલાં લેવાં જોઈએ. આમાં ભારતમાંથી આવતા માલ પર વધારાની ૨૫ ટકા ટેરિફ ફરીથી લાદવાનો સમાવેશ થશે. ભારત માટે એપ્રિલ સુધીમાં રશિયન તેલની આયાત સંપૂર્ણપણે બંધ કરવી મુશ્કેલ બનશે. ભારતના રશિયા સાથે ઘણા કરાર છે જે સમય પહેલાં સમાપ્ત કરી શકાતા નથી. બીજું, એક મોટી ભારતીય પેટ્રોલિયમ કંપની નાયરા એનર્જી રશિયન કંપની રોઝનેફ્ટ દ્વારા તેલની આયાત કરે છે. તેની પાસે અન્ય કોઈ સ્રોત નથી. તેથી, ભારત માટે રશિયન તેલ આયાતને તાત્કાલિક સંપૂર્ણપણે દૂર કરવી શક્ય બનશે નહીં. બીજી તરફ, અમેરિકાના આદેશ અંગે વિપક્ષી નેતાઓની દલીલ છે કે વેપાર કરારના નામે અમેરિકા તરફથી આવી શરતો લાદવી એ ભારતની સ્વતંત્ર વિદેશ નીતિની વિરુદ્ધ છે. તે ભવિષ્યમાં અન્ય દેશો સાથે ભારતના સંબંધો પર પણ દબાણ લાવી શકે છે.

દિલ્હી સ્થિત થિંક ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (GTRI) ના વડા અજય શ્રીવાસ્તવે કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી તેની તેલ ખરીદી સતત ઘટાડી રહ્યું છે. સત્તાવાર વેપાર ડેટા દર્શાવે છે કે ઓક્ટોબર ૨૦૨૫ માં રશિયાથી કુલ આયાત વાર્ષિક ધોરણે ૨૭.૭ ટકા ઘટી હતી, જે ઓક્ટોબર ૨૦૨૪ માં ૬.૭ અબજ ડોલરથી ઘટીને ઓક્ટોબર ૨૦૨૫ માં ૪.૮ અબજ ડોલર થઈ ગઈ હતી. ભારતની નીતિ ધીમે ધીમે આયાત ઘટાડવાની જણાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

દિલ્હી સ્થિત થિંક ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (GTRI) ના વડા અજય શ્રીવાસ્તવે કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી તેની તેલ ખરીદી સતત ઘટાડી રહ્યું છે

BUSINESS મિત્ર

શેરબજારમાં તેજીની હેટ્રિક : સેન્સેક્સમાં 208 પોઇન્ટનો ઉછાળો, નિફ્ટી 25900ને પાર

બજારમાં તેજીથી રોકાણકારોને રૂ. 81 હજાર કરોડની કમાણી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 10: વૈશ્વિક મજબૂત સંકેતોના પગલે આજે ભારતીય શેરબજારમાં સતત ત્રીજા દિવસે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. આમ, શેરબજારમાં તેજીની હેટ્રિક જોવા મળી હતી. ભારત-અમેરિકા ટ્રેડ ડીલનો પોઝિટિવ માહોલ જોવા મળ્યો હતો. આમ, ચોતરફી ખરીદી જોવા મળી હતી. બ્રોડર માર્કેટમાં પણ સુધારાની ચાલ જોવા મળી હતી. એનએસઈ એડવાન્સ-ડિકલાઈન રેશિયો 3 શેરો સામે 2 શેરો ઘટયા હતા.

સેકટર વાઈઝ જોઈએ તો ફાર્મા અને પીએશયુ બેન્કને છોડીને તમામ સેકટરોમાં પોઝિટિવ વલણ જોવાયા હતા. મીડિયા ઈન્ડેક્સમાં સૌથી વધુ 2 ટકા તેજી સાથે બંધ રહ્યા હતા. જ્યારે ઓટો ઈન્ડેક્સ એક ટકાનો સુધારો જોવાયો હતો.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ વધીને રૂ. 474.15 લાખ કરોડ પર પહોંચી ગયું હતું, જે ગત સેશનમાં રૂ. 473.34 લાખ કરોડનું હતું. આમ, આજના ટ્રેડિંગ સેશનમાં રોકાણકારોને રૂ. 81 હજાર કરોડની કમાણી થઈ હતી.

બીએસઈ સેન્સેક્સ 208.17 પોઈન્ટ એટલે કે 0.25 ટકા વધીને 84273.92 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 84482 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84063 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 67.85 પોઈન્ટ એટલે કે 0.26 ટકા વધીને 25900 પોઈન્ટની સપાટી કુદાવીને 25935.15 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25989 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25870 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 42.95 પોઈન્ટ એટલે કે 0.07 ટકા વધીને 60626.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ફાઈઝર 69.86 ગણા, બાટા ઈન્ડિયા 14.29 ગણા, જયોથિ લેબ 9.35 ગણા, ટાટા સ્ટીલ 7.48 ગણા, નવીન ફ્લોરીન 7 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ફાઈઝર લ. 86 ગણા, પ્રાજ ઈન્ડ. 36.72 ગણા, લિન્ડે ઈન્ડિયા 25.75 ગણા, બાટા ઈન્ડિયા 17.23 ગણા, સન ટીવી નેટવર્ક 13.35 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારાની ચાલ આગળ વધી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.21 ટકાઅને સ્મોલકેપ ઈન્ડેક્સમાં 0.46 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઈ ખાતે 2620 શેરો વધ્યા હતા, જ્યારે 1631 શેરો ઘટયા હતા અને 156 શેરો યથાવત રહ્યા હતા.

સતત બીજા દિવસે મીડિયા શેરોમાં તેજી જોવા મળી હતી. નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 2.40 ટકા વધ્યો હતો. જેમાં સન ટીવી નેટવર્ક, ડીબી કોર્પ, પીવીઆર આઈનોક્સ, નેટવર્ક 18 મીડિયા, નઝારા ટેકનો, ઝી એન્ટર, ટીપ્સ મ્યુઝીક અને સારેગામા ઈન્ડિયા વધ્યા હતા. વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. મોટી કંપનીઓની કવાર્ટરલી કમાણીને પચાવ્યું હતું. જાપાનના નીક્કીએ ચુંટણી પછીની રેલી ચાલુ રાખી અને નવી ઉંચાઈએ પહોંચ્યા હોવાથી એશિયન બજારો ઉંચા મથાળે બંધ રહ્યા હતા. જાપાનના નીક્કીમાં જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.40 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.08 ટકા અને ડેક્સ 0.07 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.23 ટકા, સ્ટ્રેઈટસ 0.07 ટકા, હેંગસેંગ 0.57 ટકા, તાઈવાન 2.02 ટકા, કોસ્પી 0.07 ટકા, જકાર્તા 1.23 ટકા અને શાંઘાઈ 0.13 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 10: કરન્સી બજારમાં ડોલરની તેજીને બ્રેક વાગી હતી અને રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 21 પૈસા સુધરીને 90.57ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.78ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107.83, પાઉન્ડ 124.08, કેનેડિયન ડોલર 67.09, ઓસ્ટ્રેલિયન ડોલર 64.30, જાપાનીઝ યેન 0.5853, સીંગાપોર ડોલર 71.88ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	90.57 ₹.
યુરો	107.83 ₹.
પાઉન્ડ	124.08 ₹.
યેન	0.5853 ₹.

સેન્સેક્સ	208.17	84273.92
નિફ્ટી	67.85	25935.15
બેન્ક નિફ્ટી	-42.95	60626.40

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	5.18	303.80
ટાટા સ્ટીલ	2.98	208.01
ઓએનજીસી	2.08	272.15
બજાજ ઓટો	1.92	9774.00
મહિન્દ્રા-મહિન્દ્રા	1.83	3675.80

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	1.80	1573.10
બજાજ ફાઇનાન્સ	1.79	965.60
ડો. રેડ્ડીઝ લેબ	1.53	1256.00
શ્રીરામ ફાઇનાન્સ	1.33	1048.60
ભારતી એરટેલ	1.32	2011.30

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	5.19	303.85
ટાટા સ્ટીલ	2.89	207.95
મહિન્દ્રા-મહિન્દ્રા	1.79	3675.40
પાવરગ્રીડ	1.69	294.55
ટેક મહિન્દ્રા	1.66	1647.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	1.86	1572.30
બજાજ ફાઇનાન્સ	1.80	965.35
ભારતી એરટેલ	1.36	2010.80
એશિયન પેઇન્ટસ	0.77	2398.60
એચડીએફસી બેન્ક	0.55	932.10

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ''	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ''	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/કેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૮/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૧૮	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૮૦/૩